**વાઇબ્રન્ટ વડોદરા** શહેરના નવલખી મેદાન ખાતે વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના આજથી શરૂ થયેલા એક્ઝિબિશનની મુલાકાત આપણા શહેર અને રાજ્યની ઔદ્યોગિક અને વ્યવસાયિક પોટેન્શ્યલ્સનો ખરો ચિતાર આપવા માટે શ્રેષ્ઠ માપદંડ સાબિત થશે

# વાઇબ્રન્ટ VCCI-2013નો ભવ્ય પ્રારંભ

- **શહેરમાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા માટે 56 હેક્ટરની ફાળવણી**
- વિવિધ ઇનોવેશન અને બિઝનેસ આઇડીયાઝ રજૂ કરાયા
- **પહેલા દિવસે જ મુલાકાતીઓનો અંદાજિત આંકડો પચાસ હજાર**

• **સિટી રિપોર્ટર** . વડોદરા

વડોદરા ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (વીસીસીઆઇ) દ્વારા આયોજીત 8માં 'વાઇબ્રન્ટ વીસીસીઆઇ-2013' પ્રદર્શનનો આજે ભવ્ય પ્રારંભ થયો. સ્મોલ મિડિયમ ઇન્ડસ્ટ્રીઝ અને યુવાનોને રોજગારીની મહત્તમ તક આપવાના હેતુ સાથે ઉદ્યોગો, વેપાર-વાણિજ્ય, બેંકિંગ, ઓટો મોબાઇલ, એજ્યુકેશન, હેલ્થકેર, મેનુફેક્ચરિંગ ક્ષેત્રોના વિવિધ સ્ટોલ આજે ખુલ્લા મુકાયા. આ ઉદ્‌ઘાટન પ્રસંગે આવેલા મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી આનંદીબહેન પટેલે ઉદ્‌ઘાટન દરમિયાન જાહેરાત કરી કે, ' વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા માટે નગર આયોજનમાં 56 હેક્ટર જમીન અનામત રખાઇ છે. આ પ્રદર્શન કેન્દ્રનું સ્વપ્ન સાકાર કરવા માટે રાજ્ય સરકાર અને ઓદ્યૌગિક સંગઠનો પીપીપી મોડેલને આધારે કામ કરશે. આ જમીન શહેરના સેવાસી વિસ્તારમાં ફાળવાઇ છે.મધ્ય ગુજરાતને ઇન્ડસ્ટ્રીયલ હબ બનાવવા તમામ પ્રયાસો કરાઇ રહ્યા છે.' આ પ્રસંગે આનંદીબહેન પટેલ સાથે વીસીસીઆઇનાં પ્રેસિડન્ટ આવી સબાવાલા અને એક્ઝિબિશન ડિરેક્ટર નિલેશ શુક્લાએ એક્ઝિબિટર્સ ડિરેક્ટરીનું વિમોચન કર્યું હતું.આનંદીબહેને પોતાના વક્તવ્યમાં કહ્યું કે, ' ગુજરાતની પીછેહઠ નિવારવા માટે કુપોષણ નિવારણ અને કન્યા ભ્રુણ હત્યાની અટકાયતના રાજ્ય સરકારે હાથ ધરેલા વ્યૂહાત્મક પ્રયાસોમાં વીસીસીઆઇ સહિતના ઔદ્યોગિક સંગઠનો સહભાગી બને અને સમાજ જાગૃતિના કાર્યક્રમમાં આ સમસ્યાઓનો ખાસ સમાવેશ કરવામાં આવે તે જરૂરી છે. લઘુ ઉદ્યોગોના ક્ષેત્રમાં રાજ્ય સરકારે 1.30 લાખ યુવાનોને રોજગારી આપી છે, જે પુરાવો છે કે આવા ઉદ્યોગોથી બેરોજગારીનો પ્રશ્ન ઉકેલાઇ શકાશે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો થઇ રહ્યાં છે જેનો પુરાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| **9** લાખ સ્ક્વેર ફીટ જગ્યા | **16** ટોટલ ડોમ્સ | **150** ગાર્ડ્ઝ વાળી ફાયર ટીમ | **40/12** ફૂટની વિશાળ એલ.ઇ.ડી વોલ સેમિનાર અને ઓડિટોરીયમ માટે | સેન્ટ્રલી એર કન્ડિશન્ડ અને વાઇ-ફાઇ કનેક્ટેડ એરિયા | વિદ્યાર્થીઓના આઇ કાર્ડ પર બપોરે 2 થી સાંજે 5 સુધી ફ્રી એન્ટ્રી |







વાઇબ્રન્ટ વીસીસીઆઇ એક્ઝિબિશનના પહેલા જ દિવસે બહોળો પ્રતિસાદ મળ્યો. સવારના ભાગમાં બિઝનેસ અને ઇન્ડસ્ટ્રીઝની ગંભીર વાતો ચર્ચાઇ અને શક્યતાઓ પારખવામાં આવી તો સાંજે ડીઆઇડી ફેઇમ રાઘવ અને સારેગમપ ફેઇમ વિશ્વજીતે મંચ ગજવ્યો હતો. ■ **રણજીત સુર્વે, ભરત પારેખ**

## પ્રદર્શનીમાં રજૂ થયા ઈનોવેટિવ આઈડિયાઝ

» ચારુસર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા રાઘવેન્દ્ર પંચાલે ક્વાડકોપર રજૂ કર્યુ છે. માત્ર 2 વર્ષમાં તૈયાર કરેલી આ ડિઝાઇનથી ક્વાડકોપર 32 મિટર ઉંચાઇ જઇ શકે છે. આ ઇક્વિપમેન્ટથી એરિયલ ફોટોગ્રાફી, મિલેટરી એક્શન, રિસ્ક્યુ ઓપરેશન, મોબાઇલ નેટવર્ક, કોમોડિટી ડિલીવરી, મિસાઇલ લોન્ચ જેવા મલ્ટી ટાસ્ક થઇ શકે છે.

» ઇન્ડસ્ટ્રીયલ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા 'હાઇબ્રીડ વિન્ડ મિલ' મોડેલ રજૂ કરાયું છે. માત્ર વિંગ્સને સોલાર પેનલથી કનેક્ટ કરીને હાઇ વે પર પસાર થતા વાહનોના હવાના દબાણથી વિંગ્સ ફરવા લાગે છે, જેથી આ યુનિટ માત્ર 1 હજાર આરપીએમ ફરતા જ 12 વોટ વિજળી ઉત્પન કરે છે. આ જ યુનિટમાં સેટ કરેલી લાઇટ્,થી રાત્રીના સમયે એ જ હાઇ વેને વિજળી આપી શકાય.

» સન ટેકનોવેશન દ્વારા ફિઝીકલી ચેલેન્જ્ડ લોકો માટે વિશેષ લેબલેટ રજૂ કરવામાં આવ્યા છે. આ લેબલેટ ઘરનાંકોઇપણ ઇલેટ્રોનિક્સ ઇક્વિપમેન્ટને તથા તેના ફંકશનું નિયંત્રણ કરી શકે છે. સ્પિક સિપેલ યુનિટ દ્વારા બોલી ન શકતા લોકો માટે ઇલેટ્રોનિક મેસેજ દ્વારા કોમ્યુનિકટ કરી શકાય છે. નેરો હેટ સેટ દ્વારા માત્ર મસ્તકના બિહેવીયરને ઇલેક્ટ્રોનિક મેસેજમાં કનવર્ટ કરીને ઇલેક્ટ્રોનિક્સ ઇક્વિપમેન્ટને ઓર્ડર કરી શકાય છે. આ એપને એન્ડ્રોઇડ ફોનમાં પણ ડાઉનલોડ કરી શકાય છે.

» વડોદરા ઇનોવેટર્સ દ્વારા ફ્યુઅલ અને પાણીના મિશ્રણથી ચાલતા યુનિટ રજૂ

## પ્રદર્શન દ્વારા 6 હજાર ફ્રેશર્સના ઈન્ટરવ્યૂ થશે

વીસીસીઆઇ 2011માં ફ્રેશર પોર્ટલ લોન્ચ કરાયું. આ પોર્ટલ દ્વારા 77 હજારથી વધુ

**અનાર પટેલ** | ગ્રામશ્રી

## ગુજરાતમાં ક્રાફ્ટ વિલેજ બનાવવું છે



મને સમજાયું કે હસ્તકલાઓ નષ્ટ થઇ રહી છે અને તે બચાવવા મેં

**પ્રેમરાજ કશ્યપ** | એમડી, કોન્મેટ

## હું પણ શરૂઆતમાં નોકરી શોધતો હતો



1995માં પહેલીવાર વડોદરા આવ્યો ત્યારે સપનાં જ હાથતગા હતા